





## ‘કલર્સ ઓફ એચિવર’ની રંગારંગ પ્રસ્તુતિથી દર્શકો અભિભૂત

ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવરનો ૭મો વાર્ષિકોત્સવ ‘કલર્સ ઓફ એચિવર’ તા. ૪ અને ૫ માર્ચે યોજાયો હતો. આ વાર્ષિકોત્સવ પ્રસંગે વિદ્યાર્થીઓએ એકથી એક ચડિયાતી સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉત્સવમાં જાણીતા દિવ્યાંગ નૃત્યકાર કમલેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. કલર્સ ઓફ એચિવરમાં ભવ્ય મંચ પર નૃત્ય, સંગીત, અભિનયના સુભગ સમન્વય યુકત પરફોર્મન્સ દ્વારા વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભાના દર્શન કરાવ્યા હતા. આ કૃતિઓમાં મૌલિક ડાન્સ, થીમ બેઝ્ડ ડાન્સ, લોકનૃત્ય, દેશભકિત, આધ્યાત્મસભર નૃત્ય તથા પેરેન્ટિંગ કૌશલ્યનું મહત્વ દર્શાવતા નાટકની રજૂઆત સરાહનીય રહી હતી. કાર્યક્રમમાં બાળકોના વાલીઓ મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાતી માધ્યમમાં મિતકુમાર પટેલ, તથા અંગ્રેજી મધ્યમમાં નરેશકુમાર પટેલે સ્થાન શોભાવ્યું હતું. આ પ્રસંગે કમલેશ પટેલના પરફોર્મન્સે સૌને ચકિત કરી દીધા હતા. કાર્યક્રમની પૂર્વ તૈયારી સંકલન અને રજૂઆતની ભૂમિકા ડાન્સ ટીચર જયદીપ ઉપલાએ નિભાવી હતી.

# અધ્યાપક સહાયકોને વિવિધ લાભો આપવા માંગ

ગાંધીનગર, તા. ૭

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિવિધ અનુદાનિત કોલેજોમાં કાર્ય કરતા અધ્યાપક સહાયકોને અન્ય ફિક્સ પગારના કર્મચારીઓને અપાતા લાભોથી વંચિત રખાયા છે. આ અધ્યાપક સહાયકોને પણ પગારમાં વધારો કરવા, સેવાની શરતોમાં સુધારો કરવા તથા ફાજલનુ રક્ષણ આપવા જેવા લાભો આપવા અધ્યાપક મંડળે રજુઆત કરી છે.




અધ્યાપક સહાયક મંડળના પ્રમુખ ડૉ. શશીકાંત તેરૈયાએ રજુઆત કરી છે કે વિવિધ અનુદાનિત કોલેજોમાં વર્ષ-૨૦૦૫થી અધ્યાપક સહાયક ભરતી યોજના હેઠળ પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગારથી અને પછી કાયમી એવી નીતિ અનુસાર અધ્યાપકોની મોટી સંખ્યામાં ભરતી કરવામાં આવી છે. પીએચડી, નેટ, સ્લેટ જેવી ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપક સહાયકોને ઘણા લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. તેઓએ આ સંદર્ભે ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા જણાવ્યુ છે કે ૧૯૯૮થી ૨૦૧૬ સુધીમાં નિમણુંક પામેલ તમામ માધ્યમિક અને ઉચ્ચત્ર માધ્યમિક શાળાના શિક્ષકોને સરકાર દ્વારા ફાજલ રક્ષણ આપવામાં આવ્યું છે. તે અનુસાર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અનુદાનિત કોલેજોના અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું સંપૂર્ણ રક્ષણ આપવામાં આવે, નાણા વિભાગના ઠરાવ પ્રમાણે વખતો-વખત ફિક્સ પગારના કર્મચારીઓને પગારમાં વધારો અને સેવાની શરતોમાં જે સુધારો જાહેર કર્યો છે તેમાંથી અધ્યાપક સહાયકોને વંચિત રાખવામાં આવ્યા છે. જેનો લાભ અધ્યાપક સહાયકોને પણ તાત્કાલિક અસરથી આપવો જોઈએ. અધ્યાપક સહાયક તરીકેનો પાંચ વર્ષનો કાર્યકાળ કાયમી સેવા સાથે સળંગ ગણવામાં આવે અને સિનિયોરીટી, બઢતી અને ઉચ્ચત્તર પગાર-ધોરણ, ઈજાફાના લાભ આપવામાં આવે તેવી માંગ પણ તેઓએ કરી છે. તમામ લાભોનો અમલ પણ કરી દેવામાં આવેલ છે ત્યારે ફક્ત ફિક્સ પગાર અને વર્ષની ૧૨ સીએલ સિવાય અન્ય કોઈજ લાભ ન મેળવતા અધ્યાપક સહાયકોના હિતમાં પણ હકારાત્મક નિર્ણય કરી ખરા અર્થમાં સૌનો સાથ સૌનો વિકાસ કરવામાં આવે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મહિલા દીનની ઉજવણી માટે... ‘મરદ’ માણસને આમંત્રણ આપ્યું એ સારું કર્યું...!! મહિલાઓને પ્રોત્સાહન મળશે...!!

# નકલી નોટો કેશ ડીપોઝીટ મશીનમાં જમા કરવાનો કીમીયો

### બે વર્ષમાં એસબીઆઈના કેશ ડીપોઝીટ મશીનમાં ૧૦૦૦ની ૫૭ અને ૫૦૦ની ૧૧૮ નકલી નોટો જમા થઈ : કેશ ઓફીસરે ફરિયાદ નોંધાવતા એલસીબીએ તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૭

બેંકોમાં કામ કરતા કર્મચારીઓ અને કેશીયરો નકલી નોટો બાબતે અત્યંત કાળજી રાખી ખાતેદારોની ચલણી નોટો જમા લેતા હોય છે ત્યારે નકલી નોટો જમા કરવા માટેનો બીજો કીમીયો કેટલાક અસામાજીક તત્વોએ શોધી કાઢયો હોવાનું ધ્યાને આવ્યું છે. બેંકો દ્વારા સવલત માટે મુકવામાં આવેલા કેશ ડીપોઝીટ મશીન (સીડીએમ)માં નકલી નોટો ડીપોઝીટ કરી દેવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. એસબીઆઈના વિવિધ કેશ ડીપોઝીટ મશીનમાં રૂ. ૧ હજાર અને રૂ. ૫૦૦ની કુલ ૧૭૫ ચલણી નોટો નકલી જમા થઈ હોવાની ફરિયાદ કેશ ઓફીસરે સે-૭ પોલીસ મથકમાં નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. ગાંધીનગર એલસીબીની ટીમે ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ એસબીઆઈ મુખ્ય શાખા સે-૧૦માં કેશ ઓફીસર તરીકે ફરજ બજાવતા ડાહ્યાભાઈ કરશનભાઈ પટેલે સે-૭ પોલીસ સ્ટેશનમાં આ બનાવ અનુસંધાને ફરિયાદ નોંધાવી સરકારી, અર્ધસરકારી, પ્રાઈવેટ વ્યકિતઓના ભરણા ઉપરાંત ગાંધીનગર સ્થિત કેશ ડીપોઝીટ મશીનમાં જમા થયેલી કેશ એસબીઆઈની મુખ્ય શાખા સે-૧૦માં જમા થાય અને ત્યારબાદ ત્યાંથી આરબીઆઈ ખાતે જમા થાય છે. આરબીઆઈમાં કેશ જમા કરતા પહેલા કેશની ગણતરી કરાઈ રહી હતી ત્યારે કેશ ડીપોઝીટ મશીન મારફતે આવેલી નોટો પૈકી કેટલીક નકલી નોટો મળી આવી હતી. બે વર્ષમાં આવી રૂ. ૧ હજારની ૫૭ નોટો અને રૂ. ૫૦૦ની ૧૧૮ નકલી નોટો મળીને કુલ ૧૭૫ નકલી ચલણી નોટો જમા થઈ હોવાની ફરિયાદ કેશ ઓફીસરે સે-૭ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે દેશના અર્થતંત્રને તોડી પાડવાના કાવતરા બદલ અજાણ્યા શખ્સો સામે આઈપીસી કલમ ૪૮૯ (ખ) મુજબ ગુનો દાખલ કર્યો છે. સમગ્ર ઘટના અંગે એલસીબી પીએસઆઈ એસ.બી. પઢેરીયાએ વધુ તપાસ આરંભી છે.



ઉત્તરાખંડના મહિલા સરપંચોની એક ટીમે આજે જિલ્લાની પ્રસિદ્ધ અડાલજ વાવની મુલાકાત લીધી હતી અને તેનો ઐતિહાસિક મહત્ત્વને જાણ્યું હતું. આ ટીમે ત્રિ-મંદિર તેમજ પ્રભા હનુમાનજીના મંદિરની પણ મુલાકાત લીધી હતી.



ગાંધીનગરના સેકટર-૧૦એ ખાતે જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ દરમિયાન પ્રાપ્ત ખનિજો, ખડકો તથા ડાયનાસૌરના ઈંડા જેવા દુર્લભ સંશોધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યુ છે. આ પ્રદર્શનની મુલાકાતે ગાંધીનગર જિલ્લાની શાળાઓના બાળકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યાં છે. સોમવારથી પ્રારંભ થયેલ આ પ્રદર્શનમાં મંગળવારે આશરે ૫૦૦થી વધુ બાળકોએ મુલાકાત લીધી હતી. આ પ્રદર્શન તા. ૮મી સુધી સવારના ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

# પ્રધાનમંત્રી સામે કોઈ વિરોધ પ્રદર્શન ન થાય તે માટે એન્ટી મોરચા સ્કવોર્ડ બનાવાઈ

### પોલીસે કેટલાકની અટકાયત કરી લીધી અને કેટલાકને નજર કેદ રાખ્યા છે : અલ્પેશ ઠાકોરને સાબરમતીથી જ પકડી લેવાશે

ગાંધીનગર, તા. ૭

નરેન્દ્ર મોદી ગાંધીનગર પ્રવાસે છે ત્યારે રેલી-ધરણા કે વિરોધ પ્રદર્શનો મોદી સામે થાય તેવી પ્રબળ શક્યતાઓને પગલે પોલીસ અને આઈ.બી. દોડતી થઈ છે. સંભવિત આંદોલનકારીઓ પૈકી કેટલાકને નજરકેદ કરી રાખ્યા છે. તો કેટલાકની અટકાયત કરી દેવામાં આવી છે. કેટલાક આંદોલનકારીઓને મનાવી લેવાયા છે. જ્યારે અલ્પેશ ઠાકોર સહિતના કેટલાક આંદોલનકારીઓને આવતીકાલે સાબરમતીથી અટકાવી પકડી લેવાશે તેવુ જાણવા મળ્યુ છે. આ તમામ આંદોલનકારીઓ સિવાય અન્ય કોઈ વિરોધી આવી પહોંચે તો તેને અટકાવવા પોલીસે એન્ટી મોરચા સ્કવોર્ડ બનાવી તેને એલર્ટ મોડ પર મુકી દીધી હોવાનુ જાણવા મળ્યુ છે.

આમ આદમી પાર્ટીની મહિલા આગેવાન વંદના પટેલે મોદીના વિરોધની જાહેરાત કરી હતી જે અનુસંધાને તેમની અટકાયત કરી લીધી છે. બીજી તરફ ફિક્સ પગાર સંઘર્ષ સમિતિએ વિરોધ પ્રદર્શનની અગાઉથી જાહેરાત કરી હતી. ગાંધીનગર ખાતે પીએ.એમ. હોવાથી પોલીસે સમજાવટ કરતા તેમણે ગાંધીનગર કાર્યક્રમ નહી કરે તેવી જાહેરાત કરી દીધી છે. અલ્પેશ ઠાકોર સાબરમતીથી રેલી સ્વરૂપે ગાંધીનગર આવીને પીએમનો વિરોધ કરનાર છે આ જાહેરાતને પગલે પોલીસે અને આઈ.બી.એ તેની દરેક હિલચાલ પર વૉચ રાખી છે. મળતી માહિતી મુજબ કાલે સાબરમતીથી જ પોલીસ તેને ધરપકડ કરી લેશે. કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરે તેવી શક્યતા છે. જેને પગલે પોલીસ સવારથી જ કોંગ્રેસ આગેવાનોને નજર કેદ કરે તેવી તૈયારી હોવાનુ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત કોઈ મોરચો વિરોધ કરવા ગાંધીનગર આવી ન જાય તે માટે પુર્વ તૈયારી રાખી એન્ટી મોરચા સ્કવોર્ડ બનાવી તેને સતર્ક રહેવા સુચના આપી દેવાઈ છે.

# ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા અડાલજ ખાતે ઓછી આવક જુથના નવા આવાસો બાંધશે

### ફોર્મ ભરવાની મુદત હવે ૧૧ માર્ચ સુધી લંબાવાઈ

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર બોર્ડના ચેરમેન મૂળુભાઈ બેરાના અને પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડીયાએ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા વિશ્વ વિખ્યાત અડાલજની વાવથી તદ્દન નજીક યુજીવીસીએલ પેટા વિભાગ તથા રામચંદ્ર મિશનને અડકીને સરખેજ ગાંધીનગર હાઈવે જેવા પોશ વિસ્તારમાં ઓછી આવક જુથના લોકો માટેની ઘરના ઘરની યોજના અમલમાં મુકવામાં આવેલ છે, જેમાં બે બેડરૂમ, હોલ, કિચન, ટોયલેટ, બાથરૂમ, સહિતની સગવડો વાળુ ૪૫ થી ૫૦ ચો.મી. કારપેટ એરીયા ધરાવતુ આઠ માળ વાળુ, લીફ્ટ અને પાર્કિંગની અદ્યતન સુવિધા વાળુ અને તે પણ ગેસ લાઈનની સગવડ સાથે અંદાજે રૂ. ૧૧ લાખની કિંમતમાં તૈયાર થનાર આવાસો માટે ફોર્મનું વિતરણ અને સ્વીકાર સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની વિવિધ શાખાઓ દ્વારા કરવામાં આવે છે. જેના ફોર્મ વિતરણની તા. ૯-૨-૨૦૧૭થી તા. ૪-૩-૨૦૧૭ રાખવામાં આવેલ, પરંતુ બહોળા પ્રતિસાદ અને આમ નાગરીકોની રજુઆતને ધ્યાને લઈ ફોર્મ વિતરણ તથા સ્વિકારની તારીખ લંબાવવામાં આવેલ છે. ફોર્મ વિતરણ કરવા આગામી તા. ૨૦-૩-૨૦૧૭ સુધી અને તા. ૩૧-૩-૨૦૧૭ સુધી ફોર્મ પરત સ્વીકારવામાં આવશે.

# ગુરુગોવિંદ સિંહજીનું ૩૫૦મું પ્રકાશ પર્વ ઉજવાયું

શિખ સમુદાયના ધર્મગુરુ ગુરુ ગોવિંદસિંહના ૩૫૦મા પ્રકાશ પર્વે શિખ સંગત તથા સોનીપત સમાજ દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહક ભૈય્યાજી જોષી તથા મુખ્ય અતિથિપદે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતાં. રાષ્ટ્રીય શિખ સંગતના અધ્યક્ષ ગુરુશરણસિંઘ ગિલ, અવિનાશજી માખનવાલ, ડૉ. અવતારસિંહ શાસ્ત્રી, બલજિતસિંહ સંધુ, અગ્રણીઓ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના ડિરેકટર પરમજીત કૌર છાબડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# પાટીદાર સમાજ પરના અત્યાચારો માટે જાહેર ચર્ચા કરવા નિતીન પટેલને પડકારઃ ડૉ. હિમાંશુ પટેલ

### પાટીદાર સમાજનાં બુઝર્ગ નેતા આત્મારામ પટેલનું ધોતીયું ખેંચનાર ભાજપ અને તેનાં આકાઓની હિટલરશાહી સામે કેશુબાપાએ કહેવું પડ્યું હતું, ‘મારો વાંક શું... ? ગુનો શું ?

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીએ સત્તા મેળવવા માટે ખેડૂતો અને ખાસ કરીને પાટીદાર સમાજનો વોટબેન્ક તરીકે ઉપયોગ કર્યા બાદ છેલ્લા બે દશકામાં વ્યાપક અત્યાચારો સાથે શરમજનક અન્યાય કર્યો હોવાનું જણાવતા કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ૩૨ વર્ષના જુનાં ગાણાં ગાઈ રહેલાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને પાટીદાર સમાજને થઈ રહેલાં અન્યાય અને ત્રાસ અંગે ખુલ્લામાં જાહેર ચર્ચા કરવા પડકાર ફેંક્યો છે.

સુરતમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા ૧૯૮૫માં કોંગ્રેસે પાટીદાર સમાજને અન્યાય કર્યો હોવાની કરેલી વાતની આકરી ઝાટકણી કાઢતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે નાયબ મુખ્યમંત્રી ઉપર વળતો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભાજપે જ પોતાની સત્તા લાલસા સંતોષવા માટે ખેડૂતોની સાથે પાટીદાર સમાજનો માત્ર અને માત્ર વોટબેન્ક તરીકે ઉપયોગ કર્યા બાદ છેલ્લા ૨૦ વર્ષમાં અનેક અત્યાચારો અને અન્યાય કર્યા છે. ભાજપનાં પાયામાં રહેલાં વડીલ કેશુભાઈ પટેલને ધક્કો મારીને કાઢી મુકનાર ભાજપ આજદિન સુધી શ્રી કેશુબાપાનાં “મારો વાંક શું ? ગુનો શું ?” નો જવાબ આપી શક્યો નથી. આ વખતે સાબરમતી અને સાબરકાંઠામાં ભાજપને હરાવનારનો મુખ્ય સૂત્રધાર કોણ હતો? તે નાયબ મુખ્યમંત્રીને પણ યાદ હશે જ. એ જ રીતે પાટીદાર સમાજના બુઝર્ગ વડીલ અને ભાજપ સરકારનાં મંત્રી આત્મારામ પટેલનું ધોતીયું કોણે કાઢ્યું હતું? તે યાદ કરો.

ગુજરાતના મુખ્યમંત્રીથી વડાપ્રધાન બનવા માટે રાજ્યનાં ડઝન કરતાં વધારે કદાવર પાટીદાર નેતાનાં ખભાઓ ઉપર બેસીને દિલ્હી પહોંચનાર શ્રી નરેન્દ્ર મોદીએ એકપણ પાટીદાર નેતાઓને રાજકીય રીતે આગળ વધવા દીધા નથી જેવા કે, મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, કેશુભાઈ પટેલ, ડૉ. એ. કે. પટેલ, ડૉ. વલ્લભ કથરીયા, સુરેન્દ્રભાઈ પટેલ વગેરે સરકારમાંથી અધવચ્ચે પદભ્રષ્ટ કરી કાંટાની જેમ કાઢી નાંખ્યા છે. બોર્ડ-નિગમોમાંથી પણ પાટીદાર સમાજને દુર રાખી વોટબેન્ક તથા ધનસંગ્રહ માટે પાટીદાર સમાજનો ઉપયોગ કરનાર ભાજપ આજે પાટીદાર

અનુસંધાન પાના - ૭ પર

# એમસીઆઈની ટીમે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ પૂર્ણ થયા છે. ત્યારે કોલેજ દ્વારા ફાઈનલ ઈન્સ્પેકશન માટે અરજી કરાઈ હતી. જેને અનુલક્ષી મેડીકલ કાઉન્સિલની ટીમ ગઈકાલે આવી પહોંચી હતી. ગઈકાલે મેડીકલ કોલેજ તેમજ હોસ્પિટલના વિવિધ વોર્ડમાં નિરીક્ષણ કર્યુ હતું.ત્યારબાદ આજે ટીમે ગાંધીનગર નજીક આવેલ સેકટર-૨૪ અને રૂપાલના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતું. આરોગ્યલક્ષી સેવાથી લઈને જરુરી સાધનો, દવાઓ, સ્ટાફ છે કે નહી તેની પણ તપાસ કરી હતી.ત્યારબાદ મેડીકલ કાઉન્સીલની ટીમે રિપોર્ટ તૈયાર કર્યા બાદ બપોરે પરત ફરી હતી.

ગાંધીનગર મેડીકલ કોલેજના ફાઈનલ ઈન્સ્પેકશન માટે એમસીઆઈની ટીમ ગાંધીનગર આવી પહોંચી હતી. મેડીકલ કોલેજ, હોસ્પિટલના તમામ વોર્ડ , લેબ, ઓપીડી, દવાનો સ્ટોર, સહિત હોસ્ટેલમાં પણ નિરીક્ષણ કર્યુ હતું. જયારે તબિબિ વિદ્યાર્થીઓની ડીગ્રીની પણ તપાસ કરી હતી. જયારે આજે સવારે ગાંધીનગર નજીક આવેલ રૂપાલ આરોગ્ય કેન્દ્ર અને સેકટર-૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી અને મેડીકલ કાઉન્સીલની ગાઈડ લાઈન મુજબ તપાસ કરી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતા સૌ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. ટીમે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીને મળતી સેવાઓ, દવાઓ, જરુરી સાધનો, સ્ટાફના કર્મચારીઓ સહિતની માહિતી મેળવી હતી.ટીમ હોસ્પિટલે આવીને જરુરી રીપોર્ટ તૈયાર કર્યા હતા. જયારે બપોરે એમસીઆઈની ટીમ પરત પહોંચી હતી. ટીમ પરત ફરતા હોસ્પિટલ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

કાર્યપાલક ઈજનેર સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર

**જાહેર નિવિદા નં. ૧૩ / ૨૦૧૬-૨૦૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર (ફોન નં. ૦૨૭૭૨ ૨૪૦૬૫૧) દ્વારા પંચાયત ઘર એમ.પી. ફંડ, પશુ દવાખાના, આંગણવાડી બિલ્ડીંગના કામ જેની અંદાજીત કિંમત રૂ ૫૫.૫૦ લાખ થી ૨૪૦.૦૦ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માગવામાં આવે છે. જે વેબસાઈટ htto:///rnb.nprocure.com ઉપર તા. ૬/૩/૨૦૧૭થી જોઈ શકાશે તથા તા. ૧૪/૩/૨૦૧૭ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે. ક્રમાંક ના.મા.નિ./હિંમત/૫૯૪/૨૦૧૭